सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૯ અંક ૪

## વાલીઓને...

(આ સંસ્થાના ઘણા વાલીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ છે, તેમને જણાવતાં આનંદ થાયછે કે જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ગયાછે તેમણે "શારદામંદિર એલમ્ની એસોશિએશન"ના નામે મંડળની રચના કરી છે અને પ્રસંગોપાત તેમાં કેટલાક કાર્યક્રમો કરવામાં આવે છે અને વર્ષમાં સૌને એકબીજા સાથે મળવાનો લ્હાવો મળે છે. આ મંડળના સભ્ય થવા માટે રૂ.૫૦૦/- (લાઈફ ટાઈમ) લવાજમ લેવામાં આવે છે. આ લવાજમ શાળાની ઓફીસમાં પણ ભરવાની સુવિધા રાખવામાં આવી છે. સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને, તેઓ જો આ મંડળમાં સભ્ય ન થયા હોય તો સભ્ય થવા માટે આગ્રહ કરવા અનુરોધ છે. આ એલમ્ની એસોશિએસને ૧લી ફેબ્રુઆરીના રોજ પોતાનું સંમેલન રાખ્યું હતું જેમાં શ્રી દિનુભાઈ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી સનતભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અંગેનો રીપોર્ટ નીચે મુજબ છે.)

શ્રી દિનુભાઈ દવેને એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી મળેલ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ માટે અને શ્રી સનતભાઈ શોધનને ગુજરાત રાજ્યના "ગુજરાત ગૌરવ" પુરસ્કાર મળવા બદલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તા.૧લી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ ભારે ઉત્સાહથી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પૂર્વ અગ્ર સચીવશ્રી પી.કે.લહેરીસાહેબ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત હતા.અને સંસ્થાના પરિવારજનો આ પ્રસંગે અભિનંદન આપવા આવ્યા હતા.

આ પ્રસંગે શ્રી દિનુભાઈએ જણાવ્યું હતું કે મારી ઈચ્છા તો પત્રકાર બનવાની હતી પરંતુ સંજોગોવશાત્ હું શિક્ષક બન્યો. અને 'કોઈ સુભગ 'પળે શારદામંદિરમાં શિક્ષક તરીકે જોડાયો. પહેલા સુપરવાઈઝર તરીકે, અને ત્યારબાદ વીસેક વર્ષ આચાર્ય તરીકે કામગીરી કરીને આજે નિયામક તરીકે પંચાવન વર્ષ પછી પણ સંબંધ ચાલુ છે.

તેમણે પોતાના પૂર્વ આચાર્ય શ્રી કાળીદાસભાઈ દવે વિશે જણાવ્યું કે તેઓ બહુશ્રુત વિદ્વાન અને એક સફળ એડમિનિસ્ટ્રેટર હતા. આ ઉપરાંત શ્રી ચંદુભાઈ દવે પણ વિદ્વાન અને વિદ્યાર્થીઓનો પ્રેમ સંપાદન કરનાર આચાર્ય હતા, આ મહાનુભાવોનો લાભ મળ્યો, પોતાની સફળતામાં તેમનું પથદર્શન મને મળ્યું.

તેમણે જણાવ્યું કે શારદામંદિરમાં જોડાયા પછી પૂરા દસ વર્ષ સુધી શ્રી વજુભાઈ સાથે ખભેખભા મિલાવીને તેમની સાથે કામ કર્યું. શ્રી વજુભાઈની શિક્ષણ પ્રત્યેની અનન્ય નિષ્ઠા, વિદ્યાર્થીઓનું ઘડતર કરવાનો તેમનો અભિગમ તેમનો માર્ગદર્શક બન્યો. સંસ્થાના વિદ્યાર્થીઓની શક્તિને બહાર લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને સ્પર્ધાની ગોઠવણ કરવાથી વિદ્યાર્થીઓની શક્તિને બહાર લાવવાનો મોકો મને મળ્યો.

પોતાની સફળતા માટે સહકાર્યકરોનો જે સહકાર તેમને મળ્યો તે માટે તેમણે કૃતજ્ઞતા દર્શાવીને આવા કાર્યકરો સાથે કામ કરવાનું મળ્યું તેને પોતાનું સદ્ભાગ્ય માન્યું. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓએ તેમનું સન્માન કર્યું તેઓ પણ આ ગૌરવ માટે ભાગીદાર છે, તેવી લાગણી તેમણે દર્શાવી.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ સનત શોધને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે જે ધીરજ અને હિંમત જોઈએ તેનું મહત્ત્વ જણાવી કેવા સંજોગોમાં આ ફોટોગ્રાફી તેઓ કરતાં હતાં તેનું વર્ણન કરીને શ્રોતાઓને રસતરબોળ કરી દીધા હતાં. આ પ્રસંગે તેમના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીનું એક પ્રદર્શન ત્રણ દિવસ માટે ગોઠવાયું હતું, અને અનેક વાલીઓએ તથા જાહેર માધ્યમોએ તેને બિરદાવ્યું હતું.

આ પ્રસંગે શ્રી લહેરીસાહેબે શ્રી દિનુભાઈ સાથેના અંગત સંબંધનો ઉલ્લેખ કરીને જણાવ્યુ કે તેમના મામાશ્રી દિનુભાઈના ગુરૂજી હતાં અને તેમના અમદાવાદના નિવાસ દરમ્યાન પોતાને ત્યાં ઉતરવાને બદલે દિનુભાઈને ત્યાં જ તેઓ ઉતરતાં, જેનો લાગણીપૂર્વક તેમણે ઉલ્લેખ કરીને જણાવ્યુ કે હું પણ દિનુભાઈ જે શાળાના વિદ્યાર્થી રહી ચૂક્યા છે તે જ શાળાનો જાફરાબાદમાં વિદ્યાર્થી રહી ચૂક્યો છું.

તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો કે તાજેતરમાં દિવ્યભાસ્કરે ગુજરાતના પ્રજાજીવન ઉપર જેમની અસર પડી હોય તેવી ૧૦૦ વ્યક્તિઓની નામાવલિ તૈયાર કરી હતી તેમાં શ્રી દિનુભાઈનો સમાવેશ કરવામા આવ્યો હતો.

ત્યારબાદ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી દિવ્યાંગભાઈ મજમુદારે પોતાની આગવી રસાળ શૈલીમાં સૌનો આભાર માન્યો. સૌને એકબીજાની સાથે મળવાનો આ પ્રસંગે મોકો મળ્યો તેનો આનંદ હતો.

દિનુભાઈ દવે
ના વંદન

★★★

ત્રાસવાદ પણ કેટલો પ્રેમાળ હોઈ શકે તે જોવાની ઈચ્છા થાય તો પોતાનાં બાળકને પ્રથમ લાવવા માટે સતત પજવતાં મા-બાપને જોઈ લેવા.

શિક્ષણ જગતમાં સૌથી વધારે ત્રાસ ફેલાવનાર શબ્દ કયો ? તે શબ્દ છે "કેરીયર" ભોળા માતાપિતા આ એક શબ્દ પર બાળકનો બલિ ચઢાવે છે. બાળક રેસનો ઘોડો હોય તેમ જેકપોટની આશામાં બાળકને માતાપિતા આમળતાં રહે છે. બાળકને જો પૂંછવું હોય તો એ ક્યારનું અમળાઈને તૂટી ગયું હોત,

દરેક બાળકનાં માથા પર એક અદૃશ્ય ગુણ હોય છે. તે ગુણમાં ઘઉંને બદલે માહિતી ઠાંસી ઠાંસીને ભરવામાં આવેલી હોય છે. જેમ ગુણ મોટી તેમ બાળક હોંશિયાર ગણાય. ગોળ ગળ્યો છે તે ગોખવું નથી પડતું, તે તો બાળકની અનુભૂતિનો એક ભાગ બની જાય છે.

રવિન્દ્રનાથ ટાગોર કહેતાં કે પાણીથી ભરેલો ઘડો જ્યાં સુધી પાણીમાં હોય ત્યાં સુધી ભારે લાગતો નથી પરંતુ તે પાણીની બહાર નીકળે ત્યારે વજનદાર બની જાય છે. માહિતી જ્યાં સુધી અનુભૂતિનો જ ભાગ બની રહે ત્યારે તે બોજારૂપ નથી બનતી. શબ્દ જ્યારે સ્વાનુભાવમાં જકડાયેલો હોય ત્યારે તેનો સ્વાદ જ બદલાઈ જાય છે.

**ગુણવંત શાહ**

## 'બાળકનાં બાળપણની મસ્તી છીનવાઈ ગઈ છે.'

'બેન ! આ વખતે તો રમતોત્સવમાં કંઈક જુદી જ રમતો રાખવી છે. દર વખતે આપણે તો બાળકોને એની એ જ રમતો રમાડયા કરીએ છીએ. સંગીતખુરશી, દેડકા દોડ, સોયદોરો, લંગડી, લીંબુચમચો, જાણે કે બીજી રમતો જ નથી ! અરે ! છોકરાંઓ તો રમતોત્સવ હોય એટલે ખેલકૂદ ને કેવી મઝા કરે ! આજકાલ તો છોકરાંઓનું રમવાનું પણ કેટલું ઓછું થઈ ગયું છે ! પહેલાં તો છોકરાંઓ ખુલ્લામાં કેટલું બધું રમતાં ! અરે - સાંજે સ્કૂલમાંથી ઘેર આવે એટલે રાત પડે ત્યાં સુધી ચોગાનમાં રમતાં જ હોય. હુતુતુ, ખો, લંગડી, સંતાકૂકડી,લખોટી,નાગોરચુ, છોકરીઓ પગથિયાં, કૂકા, દોરડા એ બધી રમતોનો ય કયાં તોટો હતો ! કશો ખર્ચો નહીં ને મઝા તો પાર વિનાની આવે. ખુલ્લામાં રમે એટલે ચોખ્ખી હવા અને શારીરિક કસરત પણ કેટલી બધી મળી રહે ! અને એટલે માંદગી પણ ઓછી આવતી, હવે તો ચોગાનો ય કયાં રહ્યા છે ! છોકરાં બિચારા રમે કયાં ?'

'ના, એવું તો કાંઈ નથી, એમ તો ફલેટોમાં ય આજુબાજુ, નીચે પાર્કીંગમાં થોડીઘણી જગ્યા તો થઈ જાય, પણ છોકરાંને સ્કૂલમાંથી આવતાં વેંત જ કયાં તો લેસન લઈને બેસાડી દેવામાં આવે અથવા તો એ છોકરાં ટી.વી. સામે જડાઈને બેસી જાય પછી બહાર ખુલ્લામાં રમવાનું સૂઝે જ કયાંથી ?.. ન હોય એવા ભાઈબંધો, ન મળે એવી ખુલ્લી હવા કે ન મળે એવી કસરત'.

રમતોત્સવમાં દોરડાદોડની સ્પર્ધા રાખવાનો વિચાર આવ્યો, થયું, મઝા આવશે, છોકરાંઓને તો દોરડા કૂદવા ગમે જ ને !.. પણ હજી તો નક્કી કર્યે માંડ અડધો કલાક થયો હશે ને મીતાબેન આવ્યાં, 'બેન ! દોરડાદોડ તો નહીં રખાય.. છોકરીઓને દોરડાં કૂદતા જ નથી આવડતાં...

'શું કહો છો ? છોકરીઓને દોરડા કૂદતાં નથી આવડતાં ?'

'અરે ! બહેન ! કેટલીકછોકરીઓને તો દોરડાની ખબરે ય નથી..'

અને મને ખૂબ આશ્ચર્ય થયું. આપણે માનીએ છીએ આપણે ખૂબ આગળ વધી રહ્યા છીએ, પ્રોગ્રેસ કરી રહ્યાં છીએ પણ કેવી રીતે ! કઈ દિશામાં ! ખરેખર તો દોરડા કૂદવાથી ખૂબ સારી કસરત મળે. અને ઊંચાઈ પણ વધે તેમ મનાય છે. વજન ઘટે અને એટલે વજન ન વધે તે માટે જાગૃતિ સેવતી આજની શિક્ષિત કહેવાતી બહેનોને તો આ કસરતની ખબર જ હોય ને ! પણ આ શું ! એ માતાઓને ય એની ખબર નથી ! આજની માતાઓએ તેમની દીકરીઓને દોરડાં કૂદવાની મઝાનો અનુભવ જ નહીં કરાવ્યો હોય! એવું તે કંઈ હોય !'

'હા બેન, બહુ છોકરીઓ કહે છે, અમને દોરડા કૂદતા જ નથી આવડતા. રમત બદલવી જ પડશે..

આજે તો સ્કૂલ છૂટે એટલે મમ્મીઓની દોડાદોડ ચાલુ થઈ જાય. સૌ પ્રથમ તો હજી બાળક અગીયારથી પાંચ સ્કૂલમાં પૂરા ૬ કલાક બાદ ભણીને ઝાંપાની બહાર આવે ત્યાં ઝાંપા પર મા અધીરાઈથી તેના બાળકની રાહ જ જોતી હોય, અરે ! કયારેક તો ઝાંપો ખોલતાં ય તકલીફ પડે એવો ધસારો ત્યાં વાલીઓ કરતાં હોય. ઘંટ વાગે ને બાળક દોડતું માને ભેટવા આવે ત્યાં તો મા તેને ભેટવાને બદલે ઝપાટાભેર તેનાં દફતરમાંથી એક પછી એક નોટો ખેંચવા માંડે, શું લખ્યું ને શું બાકી રહ્યું ? તેની ઉલટતપાસ તરત ચાલુ થઈ જાય, બાળક વ્હાલની અપેક્ષાએ માને વળગીને ઉભું હોય તેને બદલે લખવાનું અધૂરું રહી ગયું હોય એની લપડાક કે વઢ તેને મળે.. ને પછી શરૂ થાય ટયુશન અને બીજા કલાસીસની દોડધામ. એક દિવસ સ્કેટીંગ, તો વળી કયારેક સ્વીમીંગ, કયારેક ચિત્ર તો કયારેક સંગીત, 'મારું બાળક સર્વગુણસંપન્ન થવું જોઈએ' દરેક માના હૃદયમાં એક જ રટણ છે, એક રીતે એ સારું છે, એ છે તો બાળકનો વિકાસ થાય છે, મા તેની પાછળ અથાગ પરિશ્રમ પણ કરે છે પણ બાળપણની નિર્દોષ રમતોની એની મઝા જ છીનવાઈ જાય છે તેનું શું ? જીમમાં જઈને તગડી ફી ખર્ચીને વજન ઉતારવા મથતી માને દોરડા કૂદવામાં ય કેવી મઝા આવે એની ખબર હશે ખરી !

અને એટલે જ આવો રમતોત્સવ યોજાય છે ત્યારે જૂની જૂની રમતો બાળકો રમતા, એમાંથી કેટલી બધી મઝા લૂંટતા એ બધું નજર સામે આવે છે ને ત્યારે મનમાં દુઃખ થાય છે કે આપણા બાળકોનાં બાળપણની નિજાનંદની, નિર્દોષ મસ્તીને આપણે છિનવી લીધી છે, આપણને એ બાળક કયારેય માફ કરશે ખરાં !

**ઊર્મિલા શાહ**

(પહેલાના છોકરા-છોકરીઓ જે રમત રમતા તે જરા યાદ કરી લઈએ : ભમરડા, લખોટી, આંબલી પીપળી, થપ્પો, ગીલ્લી દંડા, આંધળો પાટો, ... તમે પણ કેટલીક યાદ કરો )

## સ્વ. રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા

સંસ્થાના ભૂતપૂર્વ સંગીત શિક્ષક શ્રી રમણભાઈ દવેની સ્મૃતિમાં શાળામાં દર વર્ષે આંતરશાળા સુગમ સંગીતસ્પર્ધા યોજવામાં આવે છે. આ વર્ષે આ સ્પર્ધા તા.૩૦-૧-૦૯ને શુક્રવારના રોજ બપોરનાં ત્રણ વાગે વિનયમંદિરના પ્રાર્થનામંદિરમાં યોજવામાં આવી. જેમાં વિવિધ શાળાઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આ સ્પર્ધાને બે વિભાગમાં વહેંચવામાં આવે છે.(૧) નાનો વિભાગ- ધોરણ ૫ થી ૭ માટે (૨) મોટો વિભાગ- ધો.૮ થી ૧૨ માટે. બંને વિભાગમાં આઠ આઠ સ્પર્ધકોએ ભાગ લીધો. નાના વિભાગમાં (૧) પ્રથમ વિદ્યાનગર સ્કુલ (૨) દ્વિતીય શારદામંદિર મોડર્ન સ્કુલ તથા સી.એન.કિશોર વિદ્યાલય(૩) તૃતીય શારદામંદિર શિશુમંદિર વિજેતા નિવડયાં. જ્યારે મોટા વિભાગમાં (૧) પ્રથમ સી.એન.વિદ્યાવિહાર (૨) દ્વિતીય શારદામંદિર વિનયમંદિર (૩) તૃતીય વિદ્યાનગર હાઈસ્કુલ વિજેતા નિવડયાં. બધાં જ સ્પર્ધકોની રજૂઆત ખૂબ સારી હતી.

નિર્ણાયક તરીકે **ડૉ.હરકાંતભાઈ દવ** જેઓ વ્યવસાયે ડૉકટર છે, પણ પિતા શ્રી વલ્લભરામ વૈદ્ય પાસેથી બાળપણથી જ રોજ સવારના ગવાતાં ભજનોથી સંગીતના સંસ્કાર મળવાને કારણે વિશારદ થયાં છે અને અંગ્રેજીમાં ' Indian Classical Music A - Study' પુસ્તક તૈયાર કરી રહ્યાં છે તેઓ હાજર રહ્યાં હતાં. તે સાથે જાણીતાં ટી.વી.અને રેડિયોનાં સુગમ સંગીતના જાણીતાં કલાકાર **શ્રી આભાબેન દેસાઈ** અને સ્વ.રમણભાઈ દવેની ખાસ શિષ્યા, શારદામંદિરની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન **આનતિ શાહ** હાજર રહ્યાં હતાં. શારદામંદિરે તૈયાર કરેલી બાળગીતો અને અભિનય ગીતોની કેસેટોમાં મુખ્ય કંઠ બેન આનતિનો છે. આ ત્રણે નિર્ણાયકોએ આપેલ સેવા માટે સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

આ પ્રસંગે સ્વ.રમણભાઈ દવે ટ્રસ્ટનાં મુખ્ય ટ્રસ્ટી અને શારદામંદિરના ભૂતપૂર્વ વાલી તથા વિદ્યાર્થી **શ્રી યશપાલભાઈ ઝાલા** પણ ઉપસ્થિત રહ્યાં હતાં તેમનાં તથા વિનયમંદિરના આચાર્યશ્રી દિનેશભાઈ ઓઝા તથા નિર્ણાયકોના શુભહસ્તે વિજેતાઓને ઈનામ તથા સર્ટીફીકેટ આપવામાં આવ્યાં હતાં.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૨૪-૧૨-૦૮ને બુધવારે નાતાલ ઉજવવામાં આવી. બાલમંદિરના ભાઈ વ્રજ અને તાલીમના ભાઈ જીત સાન્તાક્લોઝ બની ત્રણેય વિભાગનાં બાળકો સાથે ખૂબ નાચ્યાં, કૂદ્યાં અને બાળકોને ચોકલેટો વહેંચી. બાળકોએ જાતે તૈયાર કરેલ ક્રિસમસ ટ્રી અને સ્ટાર હાથમાં લઈ 'આવી નાતાલ રૂડી આવી નાતાલ' ગાઈને ખૂબ આનંદ માણ્યો.

તા.૨૭-૧૨-૦૮ને શનીવારે લેડી સાન્તાક્લોઝે બાલમંદિરની મુલાકાત લીધી. ખ્રિસ્તીઓના આ તહેવારની ઉજવણી નિમિત્તે શાળાની સજાવટ જોઈ એ તો દંગ જ રહી ગયા. બાળકો સાથે મન મૂકીને નાચ્યા અને બાળકોને ભેટ આપી હર્ષભેર વિદાય લીધી.

તા.૬-૧-૦૯ને મંગળવારે બાલમંદિર અને તાલીમના બાળકો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.સવારની ગુલાબી ઠંડીમાં સરિતા ઉદ્યાનમાં બાળકોએ ગાંઠિયાજલેબીની મોજ માણી. ત્યાંથી અમરનાથના દર્શન કરવા ગયા. બાળકો ઉત્સાહથી ઉપર ચઢી ગયા ને બાર જ્યોતિર્લિંગના દર્શન કર્યા, 'ૐ નમઃશિવાય' ની ધૂન બોલાવી.મીની ટ્રેનમાં બેસવાની મઝા માણી, મહાકાલી મંદિરમાં બેસી ભોજન લીધા બાદ પુનિત ઉપવનની મુલાકાત લઈ વળતા નર્મદા કેનાલમાં પડતો ધોધ જોઈ હર્ષભેર પાછાં ફર્યાં.

તા.૧૦-૧-૦૯ને શનીવારે ઉત્તરાયણ નિમિત્તે 'પતંગોત્સવ' ઉજવવામાં આવ્યો.પતંગના અવનવા ગીતો ગાઈ પતંગ ચગાવવાની મઝા માણી. રંગબેરંગી પતંગો જોઈ બાળકોનો આનંદ સમાતો ન હતો.

તા.૨૫-૧-૦૯ને શનીવારે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. બાળકો પાસે રાષ્ટ્રધ્વજમાં રંગ પૂરાવ્યાં, એ જ ધ્વજ હાથમાં લઈ કૂચ કરતાં કરતાં શૌર્યગીત ગાયા, ધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગાયું.

તા.૩૦-૧-૦૯ને શુક્રવારે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગાંધીજીના જીવનવૃત્તાંતની ઝાંખી બાળકોને કરાવી તાલીમના બાળકોએ તો ગાંધીજી વિશે તૈયાર કરેલી માહિતી જાતે વાંચી અને વિચારો વ્યક્ત કર્યા. બે મિનિટ મૌન પાળી ગાંધીજીને શ્રધ્ધાંજલિ આપી.

તા.૩૧-૧-૦૯ને શનીવારે વસંતપંચમી નિમિત્તે મા સરસ્વતીનું પૂજન કરી ભગવાન સ્વામિનારાયણે પ્રગટ કરેલી શિક્ષાપત્રી વિષે બાળકોને વાત કરી. ગુલાલ અને કેસૂડાથી મા સરસ્વતીના પૂજનની માહિતી બાળકોને આપી અને ત્રણેય વિભાગના બાળકોએ વસંતના સુંદર ગીતો રજૂ કર્યા.

તા.૨-૨-૦૯થી તાલીમના બાળકો માટે રમતગમતની હરિફાઈ યોજવામાં આવી. બાળકોએ કેટલીક સાંઘિક અને કેટલીક વ્યક્તિગત રમતોમાં ભાગ લીધો.

બાળકોમાં એકાગ્રતા કેળવાય અને વાંચન અને ચિત્રો જોવાનો શોખ કેળવાય તે માટે બાળપુસ્તકાલયનું આયોજન કરવામાં આવ્યું છે.

## શિશુમંદિર

તા.૧૩-૧-૦૯ના રોજ ધો.૩ અને ધો.૪નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે પતંગ સ્પર્ધા યોજવામાં આવી.

**પ્રવાસ:** તા.૨૯-૧-૦૯નાં રોજ ધો.૫,૬,૭ માટે તિરૂપતિપાર્ક, મહુડી મુકામે પ્રવાસ યોજાયો.

**રમતોત્સવ :** તા.૭-૨-૦૯ના રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સાંઘિક અને વ્યક્તિગત રમતની સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો.

**આંતરગૃહ સ્પર્ધા :**

**સલાડ સ્પર્ધા** તા.૨૧-૧-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | ખુશી બ્રોકર | મેઘનાદ |
| દ્વિતીય | તિથિ પરીખ | રત્નદીપ |
| | જાનકી પટેલ | ગંગોત્રી |
| તૃતીય | ઋજુતા ભટ્ટ | મેઘનાદ |
| | હેતા શાહ | ધવલગિરિ |
| | આયુષી શાહ | ગંગોત્રી |

**ટેબલ ડેકોરેશન સ્પર્ધા** તા.૨૧-૧-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | પૂજા શાહ | ધવલગિરિ |
| દ્વિતીય | કિશન શાહ | મેઘનાદ |
| | અનેરી ઝવેરી | ગંગોત્રી |
| તૃતીય | શીલ્વી શાહ | ગંગોત્રી |
| | અનેરી પટેલ | રત્નદીપ |

## Shardamandir Modern School

તા.૩૦-૧૨-૦૮નાં રોજ ધોરણ ૧ થી ૪ નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે ક્રીસમસ ટ્રી નાં સુશોભનની સ્પર્ધા યોજવામાં આવી. બાળકોએ કળામય રીતે ક્રીસમસ ટ્રી શણગાર્યા.

તા.૩૦-૧૨-૦૮નાં રોજ ધો.૧ અને ૨નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાર્થીઓએ ખૂબ સુંદર અક્ષરે સુલેખન કર્યું.

તા.૧૬-૧-૦૯ નાં રોજ ધો.૩,૪ માટે પતંગ સ્પર્ધા યોજાઈ.

**પ્રવાસ :** તા.૨૧-૧-૦૯નાં રોજ ધો.૫ થી ૯ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે તિરૂપતિપાર્ક, મહુડી અને અમરનાથનો પ્રવાસ યોજવામાં આવ્યો.

તા.૨૯-૧-૦૯નાં રોજ પ્રજાસત્તાક દિન અને ગાંધી નિર્વાણ દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ દેશભક્તિનાં ગીતો અને વકતવ્યો રજૂ કર્યા.

તા.૭-૨-૦૯નાં રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો. ધોરણ ૧ થી ૯ ના બધાં જ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો. કેટલીક સાંઘિક રમતો હતી તો કેટલીક વ્યક્તિગત રમતો હતી.

**આંતરગૃહ સ્પર્ધા :**

**નિબંધ સ્પર્ધા** તા.૧૯-૧-૦૯

| | | | |
|---|---|---|---|
| અંગ્રેજી | પ્રથમ | નિસર્ગ શાસ્ત્રી | કદંબ |
| | દ્વિતીય | ભૂમિ શાહ | પલાશ |
| | | શૈલ રાવલ | પારિજાત |
| | તૃતીય | સાહિલ ઠક્કર | અમલતાસ |
| | | માહિર પટેલ | પારિજાત |
| | | પૂર્વા ગઢિયા | કદંબ |
| ગુજરાતી | પ્રથમ | મંથન શાહ | કદંબ |
| | દ્વિતીય | તુલસી મહેતા | પલાશ |
| | | ઝીલ પરમાર | પલાશ |
| | તૃતીય | ઉત્સવી શાહ | અમલતાસ |
| | | મેહા શાહ | કદંબ |
| હિન્દી | પ્રથમ | અમન કોઠારી | પારિજાત |
| | દ્વિતીય | મહિમા નામા | કદંબ |
| | | નિહાલી શાહ | પલાશ |
| | તૃતીય | સૃષ્ટિ શાહ | પારિજાત |
| | | વૈશલ શાહ | અમલતાસ |

| | | |
|---|---|---|
| **સલાડ ડેકોરેશન** | તા.૨૮-૧-૦૯ | |
| પ્રથમ | ઋષ્વી શાહ | પારિજાત |
| દ્વિતીય | દેવમ શાહ | કદંબ |
| | જીગર પટેલ | પલાશ |
| તૃતીય | હરિતા ઠાકર | પારિજાત |
| | બંસરી પંડયા | પારિજાત |
| | ધ્રુવી કોન્ટ્રાકટર | પલાશ |
| **ટેબલ ડેકોરેશન** | તા.૨૮-૧-૦૯ | |
| પ્રથમ | અનુરાગ દલાલ | કદંબ |
| દ્વિતીય | નિહાલી શાહ | પલાશ |
| તૃતીય | વિનાયક ભટ્ટ | પારિજાત |

## વિનયમંદિર

**ગરબા મહોત્સવ :** તા.૧૮-૧૦-૦૮નાં રોજ નવરાત્રિ નિમિત્તે ગરબા મહોત્સવ યોજવામાં આવ્યો. બધાં જ વિભાગની બહેનોએ ખૂબ સારાં વિવિધતાભર્યાં ગરબાની રજૂઆત કરી.

તા.૨૬-૧-૦૯ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો.એન.સી.સી.માં તાલીમ પામેલા વિદ્યાર્થીઓએ ખૂબ પ્રશંસનીય રીતે આખોય કાર્યક્રમ આપ્યો.

**આંતરગૃહ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **સુગમ સંગીત સ્પર્ધા** | તા.૨૨-૧-૦૯ | |
| પ્રથમ | ફલક મહેતા | મેઘદૂત |
| દ્વિતીય | મહર્ષિ શાહ | ગીતગોવિંદ |
| | લાગણી વ્યાસ | પદ્મપુકુર |
| તૃતીય | કુંજલ ગોહેલ | પદ્મપુકુર |
| | નંદીશ દવે | પદ્મપુકુર |

નિર્ણાયક તરીકે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેન **હિમાની શાહે** સેવા આપી તે માટે સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

| | | | |
|---|---|---|---|
| **નિબંધ સ્પર્ધા** | | તા.૯-૨-૦૯ | |
| **ગુજરાતી** | પ્રથમ | નીલ વૈદ્ય | ગીતગોવિંદ |
| | દ્વિતીય | માર્ગી જોષી | ચંદ્રમૌલિ |
| | તૃતીય | ઋત્વીક શેરદલાલ | મેઘદૂત |
| **હિન્દી** | પ્રથમ | લાગણી વ્યાસ | પદ્મપુકુર |
| | દ્વિતીય | સલોની તિવારી | ચંદ્રમૌલિ |
| | તૃતીય | શૈલી શાહ | મેઘદૂત |
| | | ખુશાલી ત્રિપાઠી | મેઘદૂત |
| **અંગ્રેજી** | પ્રથમ | દ્રષ્ટિ ઠક્કર | પદ્મપુકુર |
| | દ્વિતીય | મિષા શાહ | ગીતગોવિંદ |
| | તૃતીય | નિહારીકા ચારેલ | ચંદ્રમૌલિ |

વિકાસ વર્તુળ ભાવનગર દ્વારા આયોજીત પરીક્ષામાં **ટંકશાળી કરણ વિજયભાઈ** કેન્દ્ર તથા રાજ્યમાં પ્રથમ સ્થાને આવ્યા છે.

* * *

બાળક પોતે જાતે અનુભવીને શીખે તે વિષયને સમજે તો છે જ સાથે સાથે તેનો પોતાનો આત્મવિશ્વાસ પણ વધારે છે. આ તેનું અનુભવસ્થિત જ્ઞાન હોય છે. તેથી તે ડગતો નથી.

બાળકમાં શક્તિનો અખૂટ ખજાનો પડયો છે તેને સતત પ્રવૃત્તિ જોઈએ તે કદી થાકતું નથી. એક રૂમ રસોડા જેવા કબૂતરખાનામાં ઉછરેલા બાળકો રમવા ધૂળ મળે ત્યારે આનંદઘેલા થઈ જાય છે. આમાંથી સાર નહી કાઢીએ તો મોટી ખોટ સહેવી પડશે.

**શ્રી મનુભાઈ પંચોલી**

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ.**હિમાની જયેશભાઈ શાહ** બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ યોજીત અલંકાર પરીક્ષામાં અમદાવાદમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તે માટે સંસ્થા ગૌરવ અનુભવે છે. બહેન હિમાનીને અભિનંદન.

ઓપન ગુજરાત ઈન્ટરસ્કૂલ ચેસ ટુર્નામેન્ટ તરફથી ઓરિએન્ટ કલબ ખાતે યોજાયેલ મેઘમણી ગુજરાત ચેસ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓ **ઓમ દવે, હર્ષ મહેરિયા, ધૈર્ય દવે, તિગ્માંશુ દવે, અનુરાગ દલાલ, જય ભટ્ટ,** વ્યક્તિગત ટ્રોફી મેળવી શાળાનેપણ ૨૩.૫ પોઈન્ટ સાથે પ્રથમ ટ્રોફી અપાવી છે તે માટે શાળા ધન્યતા અનુભવે છે.

## Aptitude Test

ધો.૯ના વિદ્યાર્થીઓ માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા.૬-૨-૦૯ને શુક્રવારના રોજ I.Q. અને Aptitude Test લેવાઈ ગયાં. વિદ્યાર્થીની ભવિષ્યની કારકિર્દી નક્કી કરવા, આ Test ઉપરથી ખૂબ સારું માર્ગદર્શન મળી શકે છે.

## અભિનંદન

| સંસ્થા | વિજેતા | ઈનામ |
|---|---|---|
| | **પતંગ ચગાવવાની સ્પર્ધા** | |
| ઓરિએન્ટ કલબ | દેવમ શાહ | પ્રથમ |
| | **ચિત્ર** | |
| અખિલ હિંદ મહિલા | અમન પટેલ | દ્વિતીય |
| પરિષદ એલીસબ્રીજ શાખા | તનીશા રાજપાલ | દ્વિતીય |
| કલાસારથી આર્ટ ફાઉન્ડેશન | જૈનમ શાહ | મેરીટ સર્ટીફીકેટ |
| નેશનલ એકઝીબીશન ઓફ આર્ટ ફોર ચીલ્ડ્રન | રાજવી શાહ | સર્ટીફીકેટ |
| વન્ડર આર્ટ વર્લ્ડ ઈન્ટરનેશનલ ચીલ્ડ્રન આર્ટ કોમ્પીટીશન | યશ્વી દલાલ | સુવર્ણ ચંદ્રક |
| | **તરણ સ્પર્ધા** | |
| શ્રેયસ અંગ સૌષ્ઠવ કેન્દ્ર | પર્વ રાવલ | દ્વિતીય (૨૫ મીટર ફ્રી સ્ટાઈલ) |
| | **સાયન્સ ફીકશન સ્ટોરી રાઈટીંગ કોમ્પીટીશન** | |
| વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સેન્ટર | આશ્કા પરીખ | પ્રથમ ઈનામ |
| | **કરાટે** | |
| ગુજરાત સ્ટેટ ટેકવેન્ડો ચેમ્પિયનશીપ | રાજવી શાહ | સુવર્ણ ચંદ્રક |
| | **ફૂટબોલ** | |
| ફુગર્સ ફૂટબોલ ટીમ | અમન શાહ | વિજેતા ટીમનો સભ્ય |

★ ★ ★

આજે શેરીએ શેરીએ ખાનગી શાળાઓ ખૂલતી જાય છે. જે શાળાની ફી વધારે, દફતરનો ભાર જેટલો વધારે, એટલી સારી શાળા માનવામાં આવે છે. અનુશાસનના નામે કૃત્રિમ અને ભયનું વાતાવરણ હોય છે, અને પછી ટયૂશન, હોમવર્ક પરીક્ષાઓ ! **(મૈત્રીમાંથી સાભાર)**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com